**DATE: 08/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના અડોલ ગામની સીમમાં જુગાર રમતા સાત જુગારી ઝડપાયા

અંકલેશ્વર તા.૭

અંકલેશ્વર તાલુકાના અડોલ ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા સાત જુગારીઓને ભરૂચ એલસીબીએ ઝડપી પાડ્યા હતા તેઓ પાસેથી કુલ રૂ.૨.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## પોલીસે રોકડ અને વાહનો સહિત કુલ ૨.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભરૂચની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંક્લેશ્વર રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.આ દરમ્યાન બાતમીના આધારે અડોલ ગામની સીમમાં આંબોલી ગામથી અડોલ ગામ તરફ જવાના પાછળના રોડ ઉપર નવા બનતા એક્સપ્રેસ વેની પાસે આવેલ ખુલ્લા ખેતરમાં વૃક્ષ નીચે શેઢા ઉપર કેટલાક માણસો ભેગા થઈ પત્તા-પાના વડે રૂપિયાની હાર-જીતનો જુગાર રમે છે અને હાલ આ જગ્યાએ જુગારની પ્રવૃત્તિ ચાલુ છે.

જે મળેલ બાતમી આધારે અડોલ ગામની સીમમાં રેઈડ કરી અંગઝડતીમાંથી તથા દાવ ઉપરના રોકડા રૂ. ૧૭,૧૨૦ તથા મોબાઈલ નંગ-૦૮ રૂ. ૪૦,૦૦૦ તથા મોટર સાયકલ નંગ- ૦૫ તથા ફોર વ્હીલ નંગ- ૦૧ રૂ. ૧,૭૫,૦૦૦ મળી કુલ રૂ. ૨,૩૨,૧૨૦ ના મુદ્દામાલ સાથે ૭ આરોપીને ઝડપી પાડી કાર્યવાહી કરી હતી.

પોલીસે મહેબુબ ગુલામ મલેક,વિક્રમ છત્રસિંહ ચૌહાણ,રાજેશ કમલેશ મંડલ,પ્રકાશ મોહન પટેલ,મહેન્દ્ર ઠાકોર પરમાર,નવાજ નિશાર શેખ,અઝહર હનીફ મલેકની અટકાયત કરી હતી. જયારે નરેન્દ્ર નામના શખ્સને વોન્ટેડ આરોપી જાહેર કર્યો હતો.

**DATE: 08/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# જંબુસરની ડાભા ચોકડી પાસે એક્ટિવા પર દારૂની ખેપ મારતો શખ્સ ઝડપાયો

જંબુસર, તા. ૭

જંબુસર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ જંબુસર ડાભા ચોકડી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.તે દરમિયાન બાતમીદાના આધારે એક શખ્સ વિદેશી દારૂની ખેપ મારવાનો છે.

## અન્ય એક શખ્સ ફરાર થતાં પકડવા તજવીજ હાથ ધરી

ડાભા ચોકડી ઉપર જંબુસર પોલીસ વોચમાં હતી.દરમ્યાન પોતાના કબજા માની એકટીવામાં ગેરકાયદનો વગર પાસ પરમિટનો અલગ અલગ બ્રાન્ડ નો વિદેશી દારૂ સાથે એક શખ્સ પસાર થતા તેને ઊભો રાખી તપાસ કરતા કુલ રૂ. ૧,૧૮,૬૮૫ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયો હતો.જેમાં એક આરોપી ફરાર છે.



જંબુસર પોલીસ એકટીવા ગાડી સાથે યુનુસ ઉર્ફે દાદા દાઉદ ઉમજી ઉ.વ ૪૩ રહે આમોદ તેમજ બીજા આરોપી મોહમ્મદ હનીફ ઉર્ફે મુન્ના ઉર્ફે વાંકલો અબ્દુલ રશીદ મલેક ,અબ્દુલ રસીદ અહમદ મલેક ઉંમર વર્ષ ૪૩ જંબુસરને પકડી પ્રોહીબિશનની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

**DATE: 08/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પાલેજ પોલીસે શંકાના આધારે ટેમ્પો રોક્યો

# પોલીસે ભંગાર ભરેલો ટેમ્પો જપ્ત કર્યો, રોકડા 3.31 લાખ પણ મળ્યા

ભાસ્કર ન્યૂઝ | પાલેજ

ચોરીના ગુના નિયંત્રણ લાવવા તેમજ ચોરીના ગુનાઓ શોધી કાઢવા પાલેજ પોલીસ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન હતા તે દરમિયાન બાતમી મળતા ભરૂચ થી વડોદરા તરફ જતા ને.હા. 48 પરથી પસાર થતી ટાટા 409 ટેમ્પો જેમાં ચાર ઇસમોને તથા ટેમ્પો ની બોડીમાં ભરલે 4045 કિલોગ્રામ લોખંડ ના ભંગારનો સામાન તેમજ કેબીન માંથી ભારતીય ચલણી નોટ રૂ. 3.31 લાખ તેમજ 3 મોબાઇલ ફોન સાથે ઝડપી પાડી ટેમ્પો તથા તેમાં ભરેલ લોખંડ નો ભંગાર સહિત તેમની પાસેથી મળેલ રોકડ રૂપિયા બાબતે આધાર પુરાવા માનવામાં આવતા તેની પાસે કોઈપણ પુરાવા નહીં મળતા તમામ સાધનો અને રોકડ મળી કુલ 10.50 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાર ઈસમ વિરુદ્ધ કાયદેસરની કરી વાહી હાથ ધરવામાં આવી હતી.

**DATE: 10/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચના બાયપાસ બ્રિજ નીચે દોરી વેચતો હતો

# ઉત્તરાયણ પહેલાં જ ચાઈનીઝ દોરી સાથે એક શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઉત્તરાયણ પર્વમાં ચાઈનિઝ દોરીથી લોકોના ગળા કપાવાના બનાવો ભુતકાળમાં અનેક બન્યાં છે. જેમાં કેટલાંય લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યાં છે. ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા ચાઈનિઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પણ બહાર પાડ્યું છે. છતાંય કેટલાંક લોકો ચાઈનિઝ દોરીનું વેચાણ કરતાં હોય છે. દરમિયાનમાં ભરૂચ એસઓજીની ટીમને ચોક્કસ બાતમી હતી કે, જંબુસર બાયપાસ બ્રીજ નીચે એક શખ્સ ચાઈનિઝ દોરી વેચે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી ચાઈનિઝ દોરી વેચતાં હસ્સાન ગ્યાસુદ્દીન સૈયદ (રહે. શમા પાર્ક)ને ઝડપી પાડ્યો હતો. તેની એક્ટિવાની ડેકીમાં કંપનીમાં કામમાં લેવાતી ચાઈનિઝ દોરીની ત્રણ ફિરકી મુકી હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસેથી ત્રણ ચાઈનિઝ ફિરકી, તેમજ એક મોબાઈલ અને રોકડા રૂપિયા તથા એક્ટિવા મળી કુલ 52 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તેમની સામે ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 10/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંદાડા ગામ પાસે દારૂની ખેપ મારતી 2 મહિલા સહિત 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના અંદાડા પાસેથી કારમાંથી 69 હજાર ઉપરાંતના દારૂના જથ્થા સાથે બે મહિલા સહીત ત્રણની ધરપકડ કરી 5.81 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. એલસબીએ ગડખોલ નજીક કારની તલાશી લેતાં તેમાંથી સુરતના જગમોહન પાખરસીંગ અટવાલ ,જંબુસરની હેતલ વાઘેલા અને અંદાડાની રાધા વાઘેલાનાઓ મળી આવ્યાં હતાં.કારમાંથી દારૂનો 69 હજારનો જથ્થો પણ હોવાથી ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી.

**DATE: 10/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાગરા પોલીસે 3 લાખના મુદ્દામાલ સાથે 3ની ધરપકડ કરી

# વિલાયતના સબસ્ટેશનમાંથી બેટરી ચોરી જનારી ટોળકી સકંજામાં આવી

ભાસ્કર ન્યૂઝ | વાગરા

વાગરા તાલુકાના વિલાયત પાસે જેટકોનું સબ સ્ટેશન આવેલું છે. બે દિવસ પહેલા સબસ્ટેશન ખાતે તસ્કરોએ સ્ટોરરૂમના દરવાજાનું તાળું તોડી સ્ટોરરૂમમાં પ્રવેશ કરી અંદર મુકેલ મુદ્દામાલમાંથી 76 નંગ જૂની NI-CD બેટરી સેલ જે એકની આશરે કિંમત રૂપિયા 1,000 તથા 23 નંગ જુના આઈસોલેટરના જો (કિક્સ પાર્ટ) જે એકની આશરે કિંમત રૂપિયા 10,000 ગણી કુલ કિંમત રૂપિયા 3,06,000 ના મુદ્દામાલની ચોરી થઈ હોવાની ફરિયાદ વાગરા પોલીસના ચોપડે નોંધાઈ હતી. પોલીસે બનાવને લઈ તપાસ આદરી હતી. જે દરમિયાન ચોરી થયેલ મુદ્દામાલ વિલાયત ચોકડી નજીક આવેલ ભંગારના વાડામાં હોવાની પોલીસને માહિતી મળી હતી. માહિતીવાળી જગ્યાએ જઈ તપાસ કરવામાં આવતાં ચોરી થયેલ મુદ્દામાલ સાથે બે ઈસમો મળી આવ્યા હતા. તેમની ઓળખ બેતુલ્લા ખાન ઈનાયતખાન પઠાણ તેમજ ઈરશાદ અલી શમશાદઅલી સૈયદ તરીકે થઇ હતી. તેમની પાસે રહેલી બેટરીઓ તથા અન્ય મુદ્દામાલ જપ્ત કરાયો હતો. તેમની પૂછપરછ કરતાં ચોરીમાં સાદિક રહીમ ગુલામ પટેલ પણ ચોરીમાં સામેલ હોવાની કબુલાત કરતાં તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. ત્રણેય આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# સાસરીમાં છુપાયેલો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત 22 મી ડિસેમ્બર 2023 ના રોજ માંડવા ગામ સંજય પટેલને દારૂ સાથે ઝડપી લેવાયો હતો. અંકલેશ્વરથી દારૂની ખેપ મારવામાં આવી હતી. જે તે સમયે પોલીસે 2.22 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. દારૂના આ કેસમાં અરવિંદ વસાવાનું નામ ખુલ્યું હતું. પોલીસને ચકમો આપી નાસતો ફરતો આરોપી વાલિયા તેની સાસરીમાં હોવાની બાતમી મળતાં દરોડો પાડી તેને ઝડપી લેવાયો છે અને સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો છે.

**DATE: 12/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પ્રતિબંધ હોવા છતાં થતું વેચાણ

# અંકલેશ્વરમાં ચાઈનીઝ દોરી વેચતા વેપારીની ધરપકડ થઈ

। અંકલેશ્વર ।

પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાગડખોલના મહંમદ વાઝ નામના વેપારીની અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે ધરપકડ કરી છે. આ દોરીના ઉપયોગથી પતંગ ચગાવવાથી પતંગ ઉડાવનાર અને તેની દોરીથી ઈજા પામનાર બંને માટે જોખમી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

સ્થાનિક માંજાની સરખામણીમાં ચાઈનીઝ દોરી સસ્તા છે પણ તેનો ઉપયોગ જોખમી છે. ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ છે તેમ છતાં શહેરમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરવામાં આવે છે. ચાઈનીઝ દોરીના કારણે લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. સરકાર દ્વારા પણ ચાઈનીઝ માંજાના વેચાણ પર પ્રતિબંધ મૂકવાના આદેશ કરવામાં આવ્યા છે. પ્રતિબંધ હોવા છતાં કેટલાક વેપારી ચાઈનીઝ માંજાનું વેચાણ કરે છે. પોલીસ દોરીનું વેચાણ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યું છે. આ દોરીના કારણે કોઈને જીવ પણ ગુમાવવો પડી શકે છે.

## ચાઈનીઝ દોરીથી લોકોના જીવ જોખમમાં

**DATE: 12/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયાના રૂંઢ ગામની સીમમાં ગેસ રીફિલિંગના ધીકતા ધંધા પર દરોડો : ત્રણ ઝડપાયાં, એક ફરાર

# ઘરેલુંમાંથી ગેસ કોમર્શિયલ બોટલમાં ભરવાનું કૌભાંડ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના રૂંઢ ગામની સીમમાં ચાલતું ગેસ રીફીલીંગનું કૌભાંડ ભરૂચ એલસીબીએ ઝડપી પાડી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે મુખ્ય સુત્રધાર સ્થળ પર નહીં મળતાં તેને વોન્ટેડ જાહેર કરી ટીમે ગેસના 75 બોટલ, પિકઅપ તેમજ અન્ય સામાન મળી 6 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.




ભરૂચ એલસીબીની ટીમે ચોક્કસ બાતમીના આધારે ઝઘડિયાના રૂંઢ ગામની સીમમાં પ્રાકંડથી તરસાલી જવાના રોડ પર આવેલાં વિપુલ મકવાડાના ખેતરમાં ઝૂપડીની આડમાં ચાલતું ગેસ રીફીલીંગનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. ખેતરમાં બે શખ્સો લાલ રંગના ઘરેલું ગેસના બોટલમાંથી ભુરા રંગના કોમર્શિયલ બોટલમાં ગેસ રીફીલીંગ કરી રહ્યાં હોવાનું તેમજ ખેતર માલિક વિપુલ મકવાણા સ્થળ પર દેખરેખ કરતો ઝડપાયો હતો. ગેસ રીફીલીંગ કરતાં શખ્સોના નામ ઈમામ જમાલખાન સિંધી તેમજ શ્યામલાલ બાબુલાલ બિશ્નોઈ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે સ્થળ પરથી 1.69 લાખથી વધુની મત્તાના 70 ઘરેલું બોટલ, 21 હજારના 5 કોમર્શિયલ બોટલ તેમજ પીકઅપ ટેમ્પો તથા અન્ય સાધનો મળી કુલ 6 લાખથી વધુની મત્તાનો સામાન જપ્ત કર્યો હતો.

પ્રાથમિક પુછપરછમાં તેમણે કબુલ્યું હતું કે, મુખ્ય સુત્રધાર અલ્લાબક્સ સખી ( હાલ રહે. ઝવેરનગર, ઉમલ્લા, મુળ રહે. જોધપુર રાજસ્થાન) ના કહેવાથી તેઓ સારસા ઈન્ડેન ગેસ એજન્સીમાંથી સીલબંધ બોટલો લઈને નિકળ્યાં બદ તેને ગ્રાહકોને આપતાં પહેલાં તેમાંથી કોમર્શિયલ ગેસના બોટલમાં ગેસ ભરી છુટક વેચાણ કરતાં હતાં.

ટીમે તમામ વિરૂદ્ધ આવશ્યક ચીજવસ્તુની કલમો હેઠળ રાજપારડી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

**DATE: 12/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરની બેન્કનો સિક્યોરિટી ગાર્ડ લાયસન્સ વિનાની બંદૂક સાથે ઝડપાયો

અંકલેશ્વર તા.૧૧ અંકલેશ્વરની યુનિયન બેંકનો સિક્યોરિટી ગાર્ડ લાયસન્સ વિનાની બંદૂક સાથે ભરૂચ એસ.ઓ.જી.પોલીસના હાથે ઝડપાય ગયો હતો.

## આજ બેન્ક શાખામાં સશસ્ત્ર લૂંટારુઓએ ધોળા દિવસે લાખો રૂપિયાની લૂંટને અંજામ આપ્યો હતો

ભરૂચ એસ.ઓ.જી.પોલીસે હથિયાર પરવાનાની નોંધણી નહી કરાવનાર અંકલેશ્વરની યુનિયન બેંકના સિક્યોરિટી ગાર્ડને બાર બોરની સિન્ગલ બેરલની બંદૂક સાથે ઝડપી પાડ્યો હતો. તેની સામે આર્મ્સ એક્ટ ભંગનો ગુનો દાખલ કરાયો હતો.

ભરૂચ જિલ્લામાં આવેલ સિક્યુરીટી એજન્સીમાં સશસ્ત્ર સુરક્ષા કર્મચારી તરીકે નોકરી કરતા કર્મચારીઓ અનધિકૃત હથિયારી પરવાના તથા શસ્ત્ર રાખતા હોવાની માહિતી આધારે ભરૂચ એસ.ઓ.જી. પોલીસે ચેકિંગ કરતા અંકલેશ્વર શહેર સર્કલ ત્રણ રસ્તા પાસે યુનિયન બેંન્ક ઓફ ઈન્ડીયામાં નોકરી કરતા સશસ્ત્ર સુરક્ષા કર્મચારી બારબોરની સિન્ગલ બેરલની બંદૂક ધરાવે છે. આ હથિયારની નોંધણી જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર ભરૂચની કચેરીમાં કરાવેલી ન હોવાની વિગતો બહાર આવી હતી.પોલીસે હરેન્દ્ર કુમાર સિયારામ તિવારીની ધિ આર્મ્સનો ભંગ થયો હોવા બાબતે ગુનો દર્જ કરી તેની બંદૂક સાથે અટકાયત કરી હતી.થોડા સમય અગાઉ અંકલેશ્વરની યુનિયન બેન્કની આજ શાખામાં સશસ્ત્ર લૂંટારુઓઅએ ધોળા દિવસે લાખો રૂપિયાની લૂંટને અંજામ આપ્યો હતો.

**DATE: 13/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 20 હજારનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી

# વંઠેવાડ ગામેથી ચોરીના 4 વાલ્વ સાથે એક પરપ્રાંતિય ભંગારીયાની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઇડીસીની આસપાસના ગામોમાં ગેરકાયદેસર રીતે ભંગારનો ધંધો કરનાર પરપ્રાંતીય ભંગારીયાઓ ચોરીના સામાન ખરીદવાનો ધંધો કરી રહ્યા છે જેના પગલે ભંગાર ચોરતી ટોળકીઓ સક્રિય થઈ છે. આ સંદર્ભે પોલીસ મહાનિરીક્ષક વડોદરા તથા જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સૂચના આપી છે.

જેના સંદર્ભમાં આજરોજ પેરોલ ફ્લો સ્કોડ ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન બાતમી મળેલ હતી કે ભંગારનો વેપાર કરતા ઈસ્લામ હરકુલ દિવાન જેની ભંગારની દુકાનમાં શંકાસ્પદ એસએસ ના વાલ્વ જેનો ઉપયોગ જીઆઇડીસી કંપનીઓમાં કરવામાં આવે છે તે વાલ્વ તેની દુકાનમાં સંતાડી રાખેલ છે, બાતમીના આધારે પેરોલ ફ્લો સ્કોડ દ્વારા ઈસ્લામ દિવાન ની વંઠેવાડ ખાતે આવેલ ભંગારની દુકાનમાં છાપો મારતા શંકાસ્પદ એસએસ ના વાલ્વ નંગ ચાર જેની કિંમત રૂપિયા 20 હજાર સાથે ઈસ્લામ હરકુલ દિવાન હાલ રહે. વંઠેવાડ મૂળ રહે. મેવાત હરિયાણા ને ઝડપી પાડી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 13/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## એક વર્ષથી પોલીસને ચકમો આપી ભાગતો હતો

# જનરેટર સેટમાં દારૂની હેરાફેરી કરનારો અંતે મુંબઈથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાંથી એક વર્ષ પહેલાં પીકઅપની પાછળ જનરેટર સેટ બાંધી તેમાં બોટલો સંતાડી દારૂની હેરાફેરી પોલીસે ઝડપી પાડી હતી. આ ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પોલીસે મુંબઈથી ઝડપી પાડયો છે.

વાલિયા ચોકડી નજીકથી જનરેટર સેટને ખેંચીને જતી પીકઅપવાનને પોલીસે બાતમીના આધારે અટકાવી હતી. પ્રથમ નજરે કઇ શંકાસ્પદ જણાયું ન હતું પણ જનરેટર સેટની ઝીણવટભરી તલાશી લેવામાં આવતાં તેમાં ચોરખાનામાં સંતાડેલી દારૂની બોટલો મળી આવી હતી. 6 લાખથી વધુની કિમંતની 5 હજાર જેટલી બોટલ કબજે લઇને પીકઅપના ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી હતી.આ ગુનામાં મહારાષ્ટ્રના પાલઘરના સંજય ભરત જીંભાલનું નામ પણ સામે આવ્યું હતું. જે છેલ્લા એક વર્ષથીપોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો.

**DATE: 14/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ડીસન્ટ હોટલ પાસેથી ફોનની ચોરી કરી હતી

# અંકલેશ્વરમાં ચોરીનો મોબાઈલ વેચવા ફરતો તસ્કર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની પ્રતિન ચોકડી પાસે ચોરીનો મોબાઈલ વેચવાની ફિરાકમાં ફરી રહેલાં કોસંબાના યુવાનને પોલીસે ઝડપી પાડયો છે. પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમને ડીસન્ટ હોટલ પાસેથી ચોરી થયેલ મોબાઈલ વેચવા એક યુવાન પ્રતિન ચોકડી વિસ્તારમાં ફરતો હોવાની માહિતી મળી હતી. જેના આધારે વોચ ગોઠવીને કોસંબાના ઈસ્માઈલ અલાઉદ્દીનશાને ઝડપી પાડયો હતો. તેની તલાશી લેવામાં આવતાં તેની પાસેથી 18 હજારની કિમંતનો મોબાઈલ મળી આવ્યો હતો. આ મોબાઈલ ચોરીનો હોવાનું બહાર આવતાં યુવાનની ધરપકડ કરી લેવામાં આવી હતી. આરોપી અન્ય કોઈ ચોરીમાં સંડોવાયેલો છે કે કેમ તેની તપાસ શરૂ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાંથી બે દિવસમાં બે મોબાઈલ ચોરને ઝડપી પાડી જેલભેગા કરાયાં છે.

**DATE: 14/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અગ્રણીઓને કોમી એખલાસ ભર્યો માહોલ જાળવવા અનુરોધ

# જંબુસરમાં ઉત્તરાયણ પર્વ પૂર્વે શાંતિ સમિતીની મિટિંગ યોજાઈ

## અયોધ્યા ખાતે પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણીના સમયે કોમી એકતા દાખવવા અપીલ

। જંબુસર ।

આગામી ઉતરાયણ પર્વ તથા અયોધ્યા ખાતે રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને અનુલક્ષીને જંબુસર પોલીસ મથક ખાતે પ્રો. ડીવાયએસપી તથા પોલીસ ઈન્સ્પેક્ટરની ઉપસ્થિતિ મા શાંતિપૂર્ણ માહોલમા ઉજવણી થાય તે સંદર્ભે શાંતિ સમિતીની મીટીંગ યોજાઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર નગર તથા જંબુસર પોલીસ મથક વિસ્તારના ગામોમા આગામી ઉતરાયણ પર્વની તથા અયોધ્યા ખાતે તા.૨૨મીએ રામ મંદિરની યોજાનારી પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમા ઉજવાય અને કોમી એખલાસ ભર્યો માહોલ વિસ્તાર મા જળવાઈ રહે તેના ભાગરૂપે જંબુસર પોલીસ મથક ખાતે પ્રો. ડીવાયએસપી એમ.પી.મોદી તથા પોલીસ ઈન્સપેકટર એ.વી. પાણમીયાની રાહબરી હેઠળ શાંતિ સમિતીની મીટીંગનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ મીટીંગમાં ઉપસ્થિત નગરના તથા પોલીસ સ્ટેશન વિસ્તારના ગામના હિંદુ-મુસ્લિમ અગ્રણીઓને પ્રો. ડીવાયએસપી એમ.પી.મોદીએ આવકારી આગામી દિવસ મા આવતા ઉતરાયણ પર્વ ની તથા અયોધ્યા ખાતે રામ મંદિરની ૨૨ જાન્યુઆરીએ યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી કોમી એખલાસ ભર્યા માહોલ મા થાય તે માટે અપીલ કરી હતી.

જંબુસર પોલીસ મથક ખાતે યોજાયેલ શાંતિ સમિતિ ની મીટીંગ મા વિરેન શાહ,વિશાલ પટેલ, મનન પટેલ, અતુલ શાહ (કોરાવાલા), યુસુફ ખાન પઠાણ, નાઝીમખાં પઠાણ, સાકીર મલેક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોમી એખલાસ ભર્યા માહોલમાં તહેવારની ઉજવણી થાય તે માટે કટિબદ્ધતા દર્શાવી હતી.

**DATE: 14/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કીમ ચોકડી પાસેથી પોલીસે દબોચી લીધો

# પાનોલી વેસ્ટ પ્રકરણમાં બીજા ડ્રાઈવરની પણ ધરપકડ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

બે મહિના અગાઉ પોલીસે અંદાડા ગામ પાસેથી કેમિકલ વેસ્ટ ભરેલું ટેન્કર ઝડપી પાડયું હતું. જે તે સમયે ટેન્કરના ડ્રાઈવર અને મધ્યપ્રદેશના રહેવાસી ભગવનસિંહની ધરપકડ કરવામાં આવી હતી. આ કેમિકલ વેસ્ટ ઓરીએન્ટ રેમેડીઝમાંથી ભરવામાં આવ્યું હોવાની વિગતો સામે આવતાં કંપની ના ભાગીદાર નિર્લોય લુવાણી તેમજ વેસ્ટ મટીરીયલ લેનાર કેમિકલ ટ્રેડર રાકેશ ઉર્ફે રમેશ ભુવાની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં પાનોલી કંપનીમાંથી ટેન્કર ભરી લઈ જનાર અન્ય ચાલક પ્રદીપ માતા પ્રસાદ સરોજપણ ફરાર હતો. આ ડ્રાઈવર સુરત પાસે આવેલી કીમ ચોકડી ખાતે હોવાની માહિતી પોલીસને મળી હતી. જેથી પોલીસે વોચ ગોઠવીને તેને ઝડપી પાડયો હતો. આરોપીને અંકલેશ્વર લાવી વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કંપનીમાંથી કેમિકલ વેસ્ટને ટેન્કરમાં ભરી નિકાલ માટે લઈ જવામાં આવી રહયો હતો.

**DATE: 14/01/2024 CATEGORY: GREEN E-PAPER DIVYABHASKAR PAGE-04**



તસ્કરો વાલિયાના ડુંગરી અને અંકલેશ્વરના અંદાડાના રહેવાસી

# ભરૂચના 13 ગામમાંથી 25 પશુની ઉઠાંતરી કરતાં ત્રણ તસ્કરો સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર, વાલિયા હાંસોટ અને ઝઘડિયાના 13 ગામમાંથી 25 થી વધુ પશુઓ ચોરી કરનાર ટોળકીને લોકલ ક્રાઇમ બ્રાંચે ઝડપી પાડી છે. પોલીસે વાલિયાના ડુંગરી વિસ્તારના એક અને અંદાડાના બે મળી કુલ 3 આરોપીને ઝડપી તેમની વધુ પૂછપરછ આદરી છે.

ભરૂચ જિલ્લાના ગામડાઓમાં પશુઓની ચોરીના બનાવો વધતાં પશુપાલકોની ચિંતામાં વધારો થયો હતો. પશુચોરોએ પોલીસને પડકાર ફેકયો હોય તે રીતે ચોરીના બનાવો વધતાં પોલીસ વિભાગ પણ સક્રિય બન્યું હતું. બકરા સહીતના પશુઓની ચોરીમાં ભરૂચ પાર્સિંગની બોલેરો જીપનો ઉપયોગ થતો હોવાની માહિતી એલસીબીને મળી હતી જેથી આ બોલેરોને શોધી તેની અવરજવર પર વોચ ગોઠવવામાં આવી હતી. સૌ પ્રથમ વાલિયાના ડુંગરીના સોયેબ અલી સુલેમાન અલીને ઝડપી લેવાયો હતો. તેની પૂછપરછમાં અંકલેશ્વરના અંદાડાના રફીકખાન અને સિદ્દીક સુલતાન સાથે મળી પશુઓની ચોરી કરતો હોવાની માહિતી સામે આવી હતી. જિલ્લાના ગામડાઓમાંથી ચોરેલા પશુઓને બોડેલીના સુનિલ રાઠવા અને ઝંખવાવના આદિલ મુલતાનીને વેચી નાખવામાં આવતાં હતાં. આ ટોળકીએ તાજેતરમાં જ

## બાઈક પર ગામડાઓમાં રેકી કરતાં હતા

અંદાડાના રફીકખાન અને સિદ્દીક સુલતાન વિવિધ ગામડાઓમાં બાઈક લઈને જતાં હતાં અને પશુપાલકોએ બાંધેલા પશુઓની રેકી કરતાં હતાં. જે સ્થળેથી પશુઓની ચોરી કરવામાં સરળતા હોય ત્યાં ચોરી કરવાનું આયોજન કરતાં હતાં. રાત્રિના સમયે ત્રણેય બોલેરો લઈને પહોંચી જતાં અને પશુઓની ચોરી કરી નાસી જતાં હતાં. પશુઓની ચોરી કર્યા બાદ ફોન પર જ તેનો સોદો કરી નાખતા હતાં.

## 13થી વધારે ગામોમાંથી પશુ ઉઠાવી ગયા

વર્ષ 2023-24 માં ત્રણે પશુ ચોરોએ અંકલેશ્વરના જુના દીવા, બોઈદ્રા, સેગપુર , અમરતપુરા, વાલિયાનાપણસોલી, ઝગડીયાના નાના સાંજા અનેબોઈદ્રા તથા હાંસોટમાં ઘોડાદરા, સુણેવકલ્લાં, રોહિત, રાયમાં, મોઠીયા અને ધમરાડ મળી 6 ગામમાંથી પશુઓની ચોરી કરી હતી.

બોઈદ્રાના ઈન્દિરાનગરમાંથી 2 પશુની ચોરી કરી હતી. હાલ તો પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી તેમની પાસેથી બોલેરો ગાડી સહિત 5 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બોડેલી અને ઝંખવાવના બે ઈસમોને ફરાર જાહેર કરી તેમને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે. ભરૂચ જિલ્લામાં થોડા સમય અગાઉ પણ પશુચોર ટોળકી સક્રિય બની હતી. આ ટોળકી વૈભવી કાર લઈને આવતી હતી અને તેમાં કાર અને બકરાઓ ચોરીને લઈ જતી હતી. જિલ્લામાં પ્રથમ વખત એવી ટોળકીને ઝડપી લેવામાં અવાી છે જે પશુની ચોરી કરતી હતી. ચોરીની પશુઓ ખરીદનારાઓ હજી ફરાર હોવાથી તેઓ પશુનું શું કરતાં હતાં તેની વિગતો હજી બહાર આવી શકી નથી.

### 7.440 કિલો ગાંજા સાથે આધેડને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે ઝડપી પાડ્યો

# સેંગપુર ગામે આધેડે વ્યસનનો શોખ પુરો કરવા વાડામાં જ ગાંજાના છોડ વાવી દીધાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સેંગપુરા ગામે આધેડે વાડામાં ગાંજાનું વાવેતર કરતાં પોલીસના હાથે ઝડપાયો છે. બે છોડ મળી 7.440 કિલો ગાંજો કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં વ્યસનીઓ હવે જાતે જ ગાંજાના છોડ ઉગાડતાં થઈ ગયા હોવાથી પોલીસે પણ ચેકિંગ વધારી દીધું છે. અંકલેશ્વરના સેંગપુર ગામેથી એક આધેડને વાડામાં વાવેતર કરાયેલાં ગાંજાના બે છોડ સાથે ઝડપી લેવાયો છે. એસઓજીની ટીમને સેંગપુરના વડ ફળિયામાં રહેતાં

ઉસ્માન યાકુબ શેખએ પોતાના ઝુંપડાના વાડામાં સિમેન્ટની દીવાલ ની ઓથમાં ગાંજાના છોડ વાવ્યા હોવાની માહિતી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં ગાંજાના બે છોડ જેનું વજન 7.440 કિલો થયું હતું તે કબજે લેવાયાં હતાં. કુલ 74 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



**DATE: 14/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### વાર્ષિક ઈન્સ્પેક્શન સમયે લોક પ્રશ્નોની રજૂઆત કરાઈ

# પાલેજ પોલીસ મથક ખાતે પોલીસ અધિક્ષકનો લોકદરબાર યોજાયો

### ચાઈલ્ડ ક્રાઈમ અને સાઈબર સિક્યોરિટી અંગે સમજ અપાઈ

। પાલેજ ।

પાલેજ પોલીસ મથકનું વાર્ષિક ઈન્સપેક્શન અને લોક દરબાર કાર્યક્રમ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

પોલીસ વડાએ પાલેજ બીટનાં ગામોનાં લોકોનાં પ્રશ્નો સમસ્યા અને સૂચનો લઈ તેમને યોગ્ય નિરાકરણની ખાતરી આપી હતી. વધુમાં પોલીસ વડા એ પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું હતું કે ટ્રાફિક વુમન અને ચાઈલ્ડ ક્રાઈમ અને સાયબર સિક્યોરિટી આ અમારી મુહિમ છે. જેનાં ઉપર અમે કામ કરીએ છીએ. કોઈએ અજાણ્યા ઓટીપી ખોલવા નહિ તેમજ ડ્રિન્ક અને ડ્રાઈવ ના લીધે અકસ્માતો થઈ રહ્યાં છે. તેનાં નિરાકરણ માટે અમે પ્રયાસો કરીશું.

મીડિયા સમક્ષ નિવેદનમાં જણાવ્યું હતું કે પાલેજના નગરજનો અને આગેવાનો સાથે મળી ટ્રાફિક લક્ષી સમસ્યા, પાર્કિંગ અને લારી ગલ્લાં બાબતે રજૂઆતો સાંભળી જે બાબતે યોગ્ય ઘટતું કરવા ખાતરી આપી હતી. લોક જાગૃતિ માટે અમે શાળા, કોલેજો અને સોસાયટીઓમાં કાર્યક્રમો યોજી લોકો જાગૃત કરીએ છીએ. કાર્યક્રમના અંતે પાલેજ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર શિલ્પા દેસાઈએ તમારી કોઈ પણ સમસ્યા હોય તો પોલીસને લગતાં કામ હોય તો પોલીસને જાણ કરવા વિશેષ અનુરોધ કર્યોહતો. પાલેજ ગ્રામ પંચાયત કચેરી ખાતે પોલીસ અધિક્ષકનું પુષ્પ ગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.